


આવતીકાલે તા. ૧૧મી માર્ચના દિનને કિડની ડે તરીકે વિશ્વભરમાં મનાવવામાં આવે છે. વિશ્વમાં અને ખાસ કરીને વિકસિત એવા ભારત દેશમાં કિડનીના દર્દીઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. કિડનીના રોગ સામે જાગૃત્તિ આણવા કિડની ડે મનાવવામાં આવે છે. અમદાવાદની સિવીલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ડો. એચ.એલ. ત્રિવેદી કિડની ઈન્સ્ટિ.માં યોજનારા કિડની ડેની માહિતી ડો. એચ.એલ. ત્રિવેદીએ આપી હતી.

# ઉનાળાની શરૂઆત સાથે જ ટોપીની ખરીદીમાં ગરમાવો

ભાવનગર, બુધવાર

ઉનાળાની ગરમીનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે બજારમાં અવનવી ટોપીઓની ખરીદી થઈ રહી છે.

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે ત્યારે ભાવનગરની બજારમાં અવનવી ટોપીઓની ખરીદીનો પ્રારંભ થઈ ગયો છે. જુદા - જુદા કલર અને ડિઝાઈનની ટોપીઓ બજારમાં વેચાણ માટે મૂકવામાં આવી છે.

તડકાથી રક્ષણ આપતી ટોપીઓનું લારીઓ તેમજ સ્ટોરમાં વેચાણ થઈ રહ્યું છે. લારીમાં રૂા.૨૦થી લઈને રૂા.૭૦ ના ભાવે ટોપીનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે સ્ટોરમાં રૂા.૮૦ થી લઈ રૂા.૩૦૦ ની કિંમતે સ્ટાન્ડર્ડ કંપનીઓની ટોપી ઉપલબ્ધ છે.

ઉનાળાની શરૂઆત છે ત્યારે ખરીદીનો માહોલ જોવા મળ્યો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

# ભાવનગર ડિસ્ટ્રીકટ જજના બંગલામાં આગનું છમકલું

ભાવનગર, બુધવાર

પાનવાડ વિસ્તારમાં આવેલા જસ્ટીસ બંગલામાં આગનું છમકલું થતા ફાયર બ્રિગેડ દોડી ગયું હતું. શહેરના પાનવાડી વિસતામાં આવેલા જસ્ટીસ બંગલામાં ગઈ મોડીરાત્રીના અકસ્માતે આગનું છમકલું થતાં ફાયર બ્રિગેડના જવાનો દોડી ગયા હતાં. આગની આ ઘટનામાં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ ડી.કે.ગઢવીની તબિયત અસ્વસ્થ થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતાં. આ બનાવની જાણ થતાં જ ડિસ્ટ્રીકટ જજ કે.કે. ભટ્ટ એ ડિવીઝન પોલીસ અધિકારી ઉપરાંત ભાવનગરના સિનીયર ધારાશાસ્ત્રીઓ અક્ષયભાઈ ઓઝા, બી.એલ.જોશી, હિરેનભાઈ જાની, નાઝીરભાઈ સાવંત, ધર્મેન્દ્રભાઈ ડાભી વગેરે હોસ્પિટલ દોડી ગયા હતાં.

# મોબાઈલ ચોરતા બે ટાબરીયા ઝડપાયાઃ એસ.ઓ.જી.નું ઓપરેશન

ભાવનગર, બુધવાર

ભાવનગરની સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટુકડીએ મોબાઈલ ચોરીના કિસ્સામાં બે ટાબરીયાની ધરપકડ કરી છે.

ભાવનગર પોલીસની સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટુકડીએ પેટ્રોલીંગ દરમીયાન બે ટાબરીયાઓની અટક કરી પૂછપરછ કરતાં તળાજા રોડ ઉપર આવેલી મોબાઈલ શોપની ચોરીનો ભેદ ઉકેલાયો હતો.

સ્પેશ્યલ ઓપરેશન ગૃપના પોલીસ અધિકારી ભરવાડ, ચૌધરી તેમજ સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન ભરતનગર વિસ્તારમાં રહેતા બે ટાબરીયા શંકાસ્પદ સ્થિતિમાં મળી આવતા તેમની અટક કરી પૂછપરછ કરતાં આ બન્ને ટાબરીયાઓ હિતેશ ભરતભાઈ ડાભી અને નિકુંજ મનસુખભાઈ મિસ્ત્રી તસ્કરીમાં સંડોવાયેલા હોવાનું ખૂલ્યું હતું.

પોલીસ તપાસમાં તેમણે તળાજા રોડ ઉપર આવેલી શિવ મોબાઈલ નામની દુકાનું શટર ઉંચકાવી મોબાઈલની ચોરી કરી હોવાનું કબુલતા, પોલીસે બન્નેના કબજામાં રહેલા ૮ મોબાઈલ, ૨ બેટરી, ઈયરફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી એ ડિવીઝન પોલીસને સોંપી દીધા હતાં.

# રેશનીંગનું અનાજ સગેવગે કરતા બે શખસો ઝડપાયા

અમદાવાદ, બુધવાર

રેશનીંગના ઘઉં અને લોટ સગેવગે કરતા બે શખસોને ડીજી વીજીલન્સની ટીમે ઝડપી પાડયા છે. આ અંગે નરોડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

વિગતો માહિતી એવી છે કે ડીજી વીજીલન્સ ટીમના પો.ઈ. આર.ડી. ફલકને બાતમી મળી હતી. બાતમીના આધારે ટીમના માણસોએ નરોડા જીઆઈડીસી ગીરીરાજ ઓઈલ મીલ નજીક ટેમ્પોમાં ૧૫૦ ઘઉંની અને ૫૭ બોરી લોટ મળી એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ચાલક નસીરખાન પઠાણ રહે. પેતાપુર અને હરેશ ચીમનલાલ શાહ રહે. ગાંધીનગર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# મેઘાણીનગર ખાતે મકાનમાં આગ : ભારે નાસભાગ મચી

અમદાવાદ, બુધવાર

શહેરના મેઘાણીનગરના રામેશ્વર મહાદેવ નજીક કુંભારજીની ચાલીમાં આવેલા મકાનમાં આગ લાગતાં નાસભાગ મચી ગઈ હતી. જો કે કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે, સવારે ૧૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર ખાતેની કુંભારજીની ચાલીમાં આવેલા મકાનમાં આગ લાગી હતી. ઘટનાને પગલે ભારે નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડ દોડી આવી આગને કાબુ કરી લીધી હતી.